सत्यमेव जयते

**:: ગોંડલ મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ.ગોંડલ, જી.રાજકોટ. ::**

ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન બી–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૬૨૬૦૪૧૩/૨૦૨૬

**અરજદાર/આરોપી : જગદીશભાઈ ઉર્ફે જીગાભાઈ નીલેશભાઈ કોટડીયા**
રહે. અક્ષરવાટીકા એપાર્ટમેન્ટ, એ–૩૦૩,
જેલચોક, ગોંડલ, જી.રાજકોટ.

**:: વિરૂદ્ધ ::**

**સામાવાળા : શ્રી સ ર કા ર**

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ.**

---

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એ.એ.પઠાણ.**
**અરજદાર/આરોપી તરફે : વિ.વ.શ્રી પી.વાય.જાડેજા.**

---

:: ORDER ::

(૧) અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે રજુ મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ પોલિસ અભિપ્રાય વંચાણે લીધેલ છે. વિદ્વાન એડી.પી.પી.શ્રી ને સાંભળ્યા તથા અરજદાર/આરોપીના વિદ્વાન વકિલશ્રી ને સાંભળ્યા.

(૨) આ કામના અરજદાર/આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની હાલની અરજી આપીને જણાવેલ છે કે, પોલિસે આ કામના અરજદાર/આરોપી પાસેથી જપ્ત કરેલ મુદ્દામાલ અરજદાર/આરોપીની માલિકી, કબ્જા ભોગવટા નું મુદ્દામાલ વાહન **MAHINDRA & MAHINDRA LIMITED** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **SCORPIO VLX 2.2 HAWK BS3 2WD, Colour**

- WHITE નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં. GJ-03-FK-2611** છે અને જેના **એન્જીન નં. MWE4E13212** તથા **ચેસીસ નં. MA1TH2MWNE2E43598** છે જે સદર મુદ્દામાલ વાહન **ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન બી–પાર્ટ ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૬૨૬૦૪૧૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એક્ટ કલમ–૧૮૫** મુજબના ગુનાના કામે પોલિસે મુદ્દામાલ તરીકે તેને કબ્જે લીધેલ તથા સદર મુદ્દામાલ વાહનના માલિક અરજદાર/આરોપી છે અને મુદ્દામાલ વાહન હાલમાં પોલિસ સ્ટેશનમાં પડી રહેલ છે અને પોલિસ સ્ટેશનમાં મુદ્દામાલ વાહન મુકવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. તેમજ લાંબો સમય વાહન બિનવપરાશમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઈ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઈ જાય તેમ છે. જેથી અરજદાર/આરોપીને મોટું આર્થિક નુકશાન થવાનો સંભવ છે. તેમજ વાહન અરજદાર/આરોપીના માટે રોજીંદા વપરાશનું તેમજ આજીવીકાનું સાધન છે અને અંગત ઉપયોગ માટે ખુબ જ જરૂરી છે. જેથી યોગ્ય રકમના બોન્ડ તથા યોગ્ય શરતોએ મુદ્દામાલ વાહન પરત સોંપવા માંગણી કરેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપીની અરજી અનુસંધાને, પોલિસ અભિપ્રાય મંગાવતા ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન તરફથી લેખિત અભિપ્રાય રજુ થયેલ છે અને તેની સાથે મુદ્દામાલ રીક્વર કરેલાનું પંચનામું તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે. તેને ધ્યાને લેતા પોલિસ અભિપ્રાયમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપીએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર મુદ્દામાલ વાહનમાં કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળી ફોરવ્હીલ ગાડી ચલાવી નીકળેલ હોય અને આ કામના અરજદાર/આરોપી પાસેથી મળી આવેલ હોય. જેથી અરજદાર/આરોપીને મુદ્દામાલ કોર્ટની શરતોને આધિન પરત કરવાનો અભિપ્રાય થતો નથી. વધુમાં, સરકાર પક્ષેથી વિદ્વાન એડી.પી.પી.શ્રી એ પણ હાલનો મુદ્દામાલ પોલિસના અભિપ્રાય મુજબ માલિકીનો આધાર પુરાવો જોઈ તપાસીને મુદ્દામાલ સોંપવામાં આવે તો વાંધો નથી. આ કામે સદર ગુનાની તપાસના કામે તપાસ કરનારને વાહનની જરૂરીયાત હોય તેવુ જણાતુ નથી. વળી, સદર મુદ્દામાલ વાહન પંચનામું કરી કબ્જે કરેલ છે. જેથી તેની ઓળખ અંગે કોઈ

પ્રશ્ન પણ ઉદ્‌ભવવાની શક્યતા રહેલી નથી તેમજ હાલના અરજદાર/આરોપી સિવાય બીજા કોઇએ તેની માંગણી કરેલી નથી. વધુમાં, જ્યારે તપાસના કામે કે બીજી રીતે મુદ્દામાલ વાહનની કોઈ જરૂરીયાત ન હોય, તે રજુઆતને ધ્યાને રાખીને હાલના તબક્કે મુદ્દામાલ વાહન સંબંધી હુકમ કરવો જરૂરી જણાય છે.

(૪) આ કામે મુદ્દામાલ વાહનની માલિકી બાબતે અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, અરજદાર/આરોપીએ **આધાર કાર્ડની નકલ, મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ, એફ.આઇ.આર. ની નેટકોપી** રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા મુદ્દામાલ વાહનના માલિક અરજદાર/આરોપી હોવાનું ફલિત થાય છે. આ કેસની ઇન્સાફી કાર્યવાહી ચાલતા વધુ સમય લાગી શકે તેમ છે. જ્યારે અરજદાર/આરોપી તરફથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા મુદ્દામાલ વાહન અરજદાર/આરોપીની માલિકીનું હોવાનું રજુ રેકર્ડ જોતા, પ્રાથમિક રીતે સ્પષ્ટ જણાઈ આવે છે. વધુમાં, સદર મુદ્દામાલ વાહન ન સોંપવાથી ફરીયાદપક્ષની ઇન્સાફી કાર્યવાહીને પણ અસર થાય તેમ જણાતુ નથી.

(૫) સદર કામે અરજદાર/આરોપીની અરજીની હકીકત તથા ઉભય –પક્ષની રજુઆતો ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી તરફે મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, અરજદાર વાહનના માલિક અને કબ્જેદાર હોવાનું પુરવાર થાય છે. જો સદર મુદ્દામાલ વાહન વચગાળાની કસ્ટડી સ્વરૂપે અરજદાર/આરોપીને પરત સોંપવામાં નહીં આવે તો, સદરહુ મુદ્દામાલ વાહન લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઇ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઇ જવાથી અરજદાર/આરોપીને મોટું આર્થિક નુકશાન થાય તેવી સંભાવના હોવાનું તથા અરજદાર/આરોપીની આજીવીકાને અસર થવાનું ફલીત થાય છે તેવા સંજોગોમાં મુદ્દામાલ વાહન આ કામના અરજદાર/આરોપીની માલિકીનું આવેલ હોય. વધુમાં, **૨૦૦૩(૧) જી.એલ.આર. સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પાના નં.૩૦૭.**

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને

ધ્યાને લેતા તથા Abhay Shrenikbhai Gandhi – Applicant Versus State of Gujarat – Respondent Special Criminal Application (Possession of Muddamal) No.7108 of 2015, Decided On : 08-12-2015.

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા, The object and scheme of the various provisions of the Code appear to be that where the property which has been the subjectmatter of an offence is seized by the police, it ought not to be retained in the custody of the Court or of the police for any time longer than what is absolutely necessary. As the seizure of the property by the police amounts to a clear entrustment of the property to a Government servant, the idea is that the property should be restored to the original owner after the necessity to retain it ceases. It is manifest that there may be two stages when the property may be returned to the owner. In the first place it may be returned during any inquiry or trial. This may particularly be necessary where the property concerned is sought to speedy or natural decay. There may be other compelling reasons also which may justify the disposal of the property to the owner or otherwise in the interest of justice...

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં સદર પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ને ધ્યાને લેતા, કાયદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ મુદ્દામાલ તેના ખરા અને સાચા માલિકને શરતોને આધિન તેમજ જરૂરી બોન્ડ લઇને વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ આ કોર્ટનું માનવુ છે. જેથી અરજદાર/આરોપીની અરજી મંજુર કરીને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(અ) અરજદાર/આરોપીની **ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૧૩૦૧૬૨૬૦૪૧૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એક્ટ કલમ–૧૮૫** મુજબના કામે પોલિસ મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન **MAHINDRA & MAHINDRA LIMITED** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **SCORPIO VLX 2.2**

HAWK BS3 2WD, Colour- WHITE નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં. GJ-03-FK-2611** છે અને જેના **એન્જીન નં. MWE4E13212** તથા **ચેસીસ નં. MA1TH2MWNE2E43598** છે, જે વાહન વચગાળાના સમય માટે પરત મેળવવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**(બ) ગોંડલ તાલુકા પોલિસ સ્ટેશન ગુ.રજી.નં.૧૧૨૧૩૦૧૬૨૬૦ ૪૧૩/૨૦૨૬ થી પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એક્ટ કલમ–૧૮૫** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન **MAHINDRA & MAHINDRA LIMITED** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **SCORPIO VLX 2.2 HAWK BS3 2WD, Colour - WHITE** નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં. GJ-03-FK-2611** છે અને જેના **એન્જીન નં. MWE4E13212** તથા **ચેસીસ નં. MA1TH2MWNE2E43598** છે. જેનું વર્ણન મુદ્દામાલ પાવતીમાં કરેલ છે, તેની મુદ્દામાલ પાવતીમાં જે કિંમત દર્શાવેલી છે તે રકમની દોઢી રકમના જામીન / બોન્ડ **અરજદાર/ આરોપી જગદીશભાઈ ઉર્ફે જીગાભાઈ નીલેશભાઈ કોટડીયા, રહે. અક્ષર–વાટીકા એપાર્ટમેન્ટ, એ–૩૦૩, જેલચોક, ગોંડલ, જી.રાજકોટ** નાએ કરી આપ્યેથી, સદરહુ મુદ્દામાલ વાહન અરજદાર/આરોપીને આ કેસનો આખરી નિકાલ થતા સુધી વચગાળાની કસ્ટડીથી નીચેની શરતોને આધિન પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

<u>**:: શ ર તો ::**</u>

(૧) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહન કોર્ટ જ્યારે ફરમાવે ત્યારે અરજદાર/આરોપીએ સ્વખર્ચે કોર્ટમાં રજુ કરવાનો રહેશે.

(૨) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહનનો આવા પ્રકારના કોઈપણ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં, અન્યથા સદર વાહન ખાલસાની કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૩) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહનના મુળ રંગ, સ્વરૂપ કે યાંત્રીકમાં કોઈ જાતનો કાયમી સ્વરૂપનો ફેરફાર કરવો–કરાવવો નહીં.

(૪) સદરહુ મુદ્દામાલ વાહનની વિમા પોલિસી દિન–૦૭ માં તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવી.

(૫) ઉપરોક્ત શરતોને આધિન ઉપર મુજબના બોન્ડ રજુ કર્યેથી પોલિસે મુદ્દામાલ વાહનના રંગીન ફોટોગ્રાફ સહિત વિગતવારનું પંચનામું કરીને મુદ્દામાલ વાહન અરજદાર/આરોપીને પરત સોંપી આપીને તે બાબત નો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

(૬) આ બાબતના બોન્ડ અરજદાર/આરોપીએ પોલિસ સ્ટેશને આપવાના રહેશે.

(૭) પોલિસે અસલ બોન્ડ અત્રેની કોર્ટમાં તાકીદે મોકલી આપવા.

(૮) સદર મુદ્દામાલ વાહનની અરજી સાથેના તમામ પેપર્સ ચાર્જશીટ રજુ થયેથી તેની સાથે સામેલ રાખવા.

– સદરહુ હુકમ અંગે જરૂરી યાદી પોલિસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ–**૧૧ મી,** માહે–**જુન,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી**,** સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોંડલ.
તારીખ : ૧૧/૦૬/૨૦૨૬

**ઈ/ચા.** બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**,**
ગોંડલ.